


## સલામી સવારની..

*ખટકાતા'તા 'ત્યાં' કટ્ટરતાનું પીઠબળ મળ્યું!*
*કૌશલ્યો બદલામાં કરૂણા-મોતનું છળ મળ્યું!*
*બળ મળે હરપળ ટ્રમ્પના તિખા તુક્કાઓથી -*
*અમેરિકા તરફ આંધળી દોટનું ફળ મળ્યું ?!*
*(હકાલપટ્ટીની શરૂઆત?!)*

હાઈકુ

*લૂખ્ખી ધમકી,*
*ને નિર્મમ હત્યાઓ -*
*કાળો આતંક!*

*સમજે કોણ?*
*સમત્વમાં ઉદાર -,*
*મેરા ભારત...*
*(છે મહાન)*

### ચિંતન

*વૃદ્ધસેવયા વિજ્ઞાનમ્ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

વૃદ્ધોની સેવાથી મનુષ્યને વ્યવહારકુશળતાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

મનુષ્ય જયારે આગ્રહ અને શ્રદ્ધાપૂર્વક જ્ઞાન વૃદ્ધોની સાથે નિરંતર ઉઠબેસ કરે છે, એમના વાતાવરણનું એક અંગ બની જાય છે, અને એમને પોતાની ભૂલો દર્શાવી એને સુધારવાની શિખામણનો અધિકાર બક્ષે છે ત્યારે એ શ્રદ્ધામય સેવાથી વિનયને પ્રાપ્ત કરે છે અને વિનયપ્રાપ્તિથી તેનામાં આપોઆપ વ્યવહાર કુશળતા આવે છે.

વૃદ્ધ-વ્યક્તિ વયના અનુભવને કારણે અને જીવનના સંઘર્ષને કારણે સમાજના દરેક પ્રકાર લોકો અને સ્વભાવ સામે તેમનો સંબંધ અને અનુભવ થવાથી સારા-માઠા સ્વભાવનો નિકટથી પરિચય થયો હોય છે. તેમને વ્યક્તિ અને વર્તનની તરત જ પિછાન થઈ જાય છે અને આવી અજાણી વ્યક્તિઓ સત્સંગ-સેવા ફાયદાકારક હોય છે.

### સુવિચાર

- ભૂતકાળ જેટલી ડરામણી નથી એટલી સ્વાર્થી સ્વકેન્દ્રી બનતા માણસોના મનમાં બેઠેલો ભયાનત શેતાન - **જય વસાવડા**
- આપણામાં રહેલા વિભિષણ ઊંઘી જાય ત્યારે આપણામાં રહેલી મંથરા જાગી ઊઠે છે - **ગુણવંત શાહ**
- તમે પોતે તમારા વિશે શું માનો છો તેના પર તમારી સફળતા અને તમારા આનંદનો આધાર છે - **લોર્ડ ચેસ્ટર ફિલ્ડ**
- પ્રશંસા એને કયારેય મળતી નથી, જે તેની શોધમાં રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસને ઉતાવળે જોડતાં આવડે છે પણ નિરાંતે નિભાવતાં નથી આવડતું - **રવિશંકર મહારાજ**
- ક્રાંતિ એટલે માથું કાપવું નહિં માથું (વિચાર) બદલવું - **આઠવલે**
- આજનું ઔષધ : પાણીમાં લવિંગ નાખી ઉકાળીને તે પાણી પીવાથી કોલેરામાં થતી તરતનો સોસ મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ નેતાઓ માત્ર સત્તા ભૂખ્યા નહીં પણ આત્મપ્રશંસા અને જયજયકારના પણ ભૂખ્યા હોય છે :

ભારતના પ્રથમ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુ કાર દ્વારા દિલ્હીથી ગાઝિયાબાદ જઈ રહ્યા હતા.

રસ્તામાં અકસ્માતે એક બસે એક બાળકને ટક્કર મારી દીધી. છોકરો નજર સામે લોહીલુહાણ જોઈ નહેરુએ તરત તેને ઊંચકી ને પોતાની ગાડીમાં સુવડાવીને નજીકની હોસ્પિટલમાં લઈ જવાની તૈયારી કરતા હતા એટલામાં માણસોનું ટોળું આવી ગયું અને નહેરુનો ઓળખી ગયું. અને ટોળું જવાહરલાલ નહેરુના જયજયકારના નારા લગાવવા લાગ્યું.

નારા સાંભળી નહેરુજી રાતાપીળાં થઈ ગયાં અને મોટા અવાજે બોલ્યા, 'તમને શરમ નથી આવતી ? આ બાળકની જિંદગી બચાવવાને બદલે તમે મારા નારા બોલાવો છો? આવું સાંભળી તરત ટોળું શાંત થયું અને નહેરુજીની ગાડીને જવાનો રસ્તો કરી આપી જલ્દી હોસ્પિટલ તરફ ગાડી લઈ લઈ જવા વિનંતી કરી.'

# ચમત્કારિક લોકેષણાનું જ્વલંત ઉદાહરણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીજા રાજકારણીઓથી જુદા કઈ બાબતે પડે છે? આવો પ્રશ્ન થાય ત્યારે એમના બહુઆયામી વ્યક્તિત્વનાં અનેક પાસાં નજર સમક્ષ ખડાં થઈ જાય. નરેન્દ્ર મોદી પાસે બીજા કોઈ નેતા પાસે ન હોય એવી અસરકારક વાક્છટા છે. અડધો જંગ તો એ વાણીના જોર પર જ જીતી જાય છે. વાણી એ સાક્ષાત્ સરસ્વતી છે. પરંતુ વાણીનું વરદાન પામેલા આ ફકીર કોટિના અવધૂત રાજપુરુષ પાસે એવો કરિશ્મા પણ છે કે અંબાણીથી લઈ અદાણી સુધીના અને તાતાથી લઈ બિરલા લગીના લક્ષ્મીચંદનો એમની મુટ્ઠીમાં રહેવામાં ગૌરવ અનુભવે છે. દેશમાં કોંગ્રેસના મહાન આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અર્થશાસ્ત્રી ડૉ. મનમોહનસિંહની સરકાર હતી ત્યારે પણ ઉદ્યોગપતિઓ ખુલ્લા મંચ પરથી મોદીને ભવિષ્યના વડાપ્રધાન તરીકે આગળ ધરતાં સંકોચ નહોતા અનુભવતા તે શું સૂચક નથી? મોદી પોતે ગરીબ હોવાનો દાવો રહે છે ત્યારે પણ એમની વિજિગીષુ વૃત્તિ જ હાવી થતી વરતાતી રહી છે જે હારવામાં માનતા જ નથી. ઉત્તરપ્રદેશની ઐતિહાસિક ચૂંટણી મોદી માટે કારકિર્દીનું વોટરલૂ સાહિત થઈ શકે એમ નથી. બિહારમાં રચાયેલ મહાગઠબંધન સામે મળેલી હાર પછી મોદી ઉત્તર-પૂર્વાંચલના હિંદી પટ્ટામાં વધુ એક હાર પામે તો આગામી લોકસભાની ચૂંટણીમાં કમબૅક કરવાનું એમનું સપનું રોળાઈ જાય એમ હતું. આ ચૂંટણીમાં પરિણામોની સીધી અસર ગુજરાતની વિધાનસભાની ચૂંટણી ઉપર પણ પડવાની છે તે મોદી અને એમના ગુજરાતી જોડીદાર - ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ બરાબર સમજે છે. તેથી ગમે તેવા પ્રતિકુળ સંજોગોમાં પણ મોદી-શાહ બેલડીએ ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં આરપારની લડાઈ લડી લેવાનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પ પાર પાડવા માટે એમને સામ-દામ-દંડ-ભેદની રાજનીતિ અપનાવી છે અને ધર્મના નામે રાજકારણ કરવાનો વિકલ્પ પણ સ્વીકારી લીધો છે. વારાસણીમાં ત્રણ ત્રણ દિવસ ધામા નાખીને મોદીએ હિંદુત્વનું વાવાઝોડું ઊભું કરી દીધું તો સામે ખુદાના નામે પણ વોટ માગીને લઘુમતી સમાજને ખુશ કરી લીધો. એમની રેલી જોનારને માયાવતી કે અખિલેશના દાવા પોકળ લાગે તો એમાં મોદીનો વાંક નથી. આખરે તો પ્રેમ અને યુદ્ધમાં બધું જ જાયઝ લેખાતું રહ્યું છે. મોદીએ હારેલી બાજી તરફેણમાં આણવાની જબરી કીમિયાગરી દાખવીને પ્રતિસ્પર્ધીઓને ચીત કરી દીધા છે. હવે પરિણામ તો હજી અગિયારમી તારીખે જાહેર થશે ત્યારે ખબર પડશે કે કોણ જીત્યું ને કોણ હાર્યું. પરંતુ મોદીએ છેલ્લા તબક્કામાં શિવજીની નગરીમાં ધામા નાખીને જે વાવાઝોડું સર્જ્યું તે ખરેખર ચૂંટણી સમયની એક યાદગાર ઘટના તરીકે યાદ રહેશે.

તંત્રીસ્થાનેથી...

# બોર્ડની પરીક્ષા જીવનની છેલ્લી પરીક્ષા?




બોર્ડની પરીક્ષા આપતાં વિદ્યાર્થીના ઘરનો સામાન્ય સંવાદ :

''કોર્સ બે વાર તો પૂરો થવો જ જોઈએ. બે પેપર વચ્ચે એક દિવસની રજા આવે છે.

એ... તો.... ઊંઘ ઓછી કરવી પડે.

પરીક્ષા વારંવાર નથી આવવાની !!

અને તું જ એકલી પરીક્ષા નથી આપતી.

ગુજરાતભરમાંથી લાખો વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપે છે અને રેન્ક લાવે છે.''

ખૂબ જ સામાન્ય લાગતા આ સંવાદની પાછળ વ્યકિતગત અત્યાચારના બીજ પડેલા હોય તે અનુભવી શકાય તેમ છે. અભ્યાસક્રમ પૂરો કરવાનો કારણ.... મા-બાપનું દબાણ તો ખરું જ. સાથે સાથે ઊંચો રેન્ક લાવવાની અપેક્ષાઓના ભાર તળે વિદ્યાર્થી દબાતો જાય છે. તેની સ્વતંત્રતા છીનવાતી જાય છે અને 'અવ્વલ' આવવાનો બોજ વધતો જાય છે.

આજનું શિક્ષણ અને વિદ્યાર્થીની પરિસ્થિતિ કાંઈક આ મુજબ છે. : કૌરવોની સભા વચ્ચે વિદ્યાર્થી ઊભો છે. આપણે સૌ લાચાર બનીને બધો ખેલ નિહાળી રહયા છીએ. કોઈ વિકર્ણ બનવાની કોશિશ કરે છે તો તેને સભા બહાર હાંકી કાઢવામાં આવે છે. 'મૈં વીવશ હું' ની ભૂમિકામાં સૌ વાલીઓ, શિક્ષણ તજજ્ઞો આવી ગયેલા નજરે પડે છે.સમાજમાંથી કોઈનાથી કાંઈ જ થઈ શકતુ નથી. બધા સમસમીને તમાશો જોઈ રહયાં છે. વિકર્ણવૃત્તિ નામશેષ થઈ ગઈ છે. ખલાસ થઈ થયેલી વિકર્ણવૃત્તિનો જીર્ણોધ્ધાર એ આજના સમયની માંગ છે.

બોર્ડની પરીક્ષા જીવનની છેલ્લી પરીક્ષા હોય એમ વિદ્યાર્થીને સલાહ-સૂચન આપતાં વાલીઓની દયા જ ખાવી રહી ! આ ઓછું હોય તેમ આડોશી-પાડોશી અને સગા-વહાલાં કેટલીક ટીપીકલ ટીપ્સ આપીને બાકી રહેતુ હોય તે બધું પૂરું કરતાં હોય છે. બિચ્ચારો વિદ્યાર્થી !!!

વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય એ શિક્ષણનો હેતુ રહેલો છે. જે. કૃષ્ણમૂર્તિ સ્પષ્ટપણે લખે છે કે ''ભયમુકત અને સ્પર્ધામુકત બનાવે તે કેળવણી''. આજના શિક્ષણમાં ડર અને સ્પર્ધા સિવાય બીજુ કાંઈ દેખાય છે ખરું ? નવી શિક્ષણનીતિની તાસીર કેવી હશે ? કૃષ્ણમૂર્તિએ સૂચવેલા વિચારોને ધ્યાનમાં લેવાશે ? નવી શિક્ષણનીતિમાં ભયમુકત અને સ્પર્ધામુકત શિક્ષણની ખુલ્લી હવામાં વિદ્યાર્થી શ્વાસ લઈ શકશે ?

કેળવણીકારો કહે છે કે વિદ્યાર્થીને ભણાવશો નહિ માત્ર વાતાવરણ પૂરું પાડો કે જેથી તે જાતે ભણી શકે. આજની શૈક્ષણિક સંસ્થાઓ સ્વયં અધ્યયનનું ભાવાવરણ આપી શકી છે ખરી ?વિદ્યાર્થી જાતે વિચારતો ને પ્રશ્નો પૂછતો થાય એ શિક્ષણનો મહત્ત્વનો હેતુ છે. આ હેતુ બર આવ્યો છે ખરો ?

પૂર્વ રાષ્ટ્રપતિ અને વિચારક ડૉ. ઝાકીરહુસેને એક સભામાં કહેલું કે - ''શિક્ષણમાં રાજકારણ ભળે તેના કરતાં રાજકારણમાં શિક્ષણ ભળવું જોઈએ.'' શાળા-કોલેજમાં જવાની મજા પડે. અને ઘરે રહેવાની સજા પડે. તો શિક્ષણનો હેતુ બર આવે. શિક્ષણમાંથી જો ભય દૂર કરી શકાય તો પણ મોટું કામ થયું કહેવાશે. કેટલાક શિક્ષણના ભેખધારી શિક્ષકો આ ઉત્તમ કામ કરી રહયાં છે. વિદ્યાર્થી જાતે તૈયાર થાય, જાતે પ્રશ્નપત્ર રચે ને નિરીક્ષક વગરના વર્ગખંડમાં પ્રામાણિકતા પૂર્વક પેપર લખે છે. કેટલાક નીમપાગલ શિક્ષકો વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે મથી રહયાં છે. સ્થળ કાળની ચિંતા કર્યા વગર વિદ્યાર્થીમાં વિકર્ણવૃત્તિ કેળવાય તે માટે મચી પડતાં આ શિક્ષકો સરકારી એવોર્ડના મહોતાજ નથી હોતા. આવા કેટલાક નીમપાગલ શિક્ષકોના પરિશ્રમને કારણે જ શિક્ષણનું સત્વને તત્વ જળવાઈ રહયું છે. આવા શિક્ષકોને સો સો સલામ !!! કવિ ઉમાશંકર ની ક્ષમાયાચના સાથે - હે વિદ્યાર્થી તુ ભયમુકત થાય તો ય ઘણું ! (નીમપાગલ શિક્ષકોને મળવા જેવું ખરું.) તમે છો ?

**મિસરી**

ઘડિયાળના કાંટા પકડી કાયમ દોડતા રહેવાનું
ટયુશન, સ્કૂલ લેશન વચ્ચે ભૂલી જવાનું રમવાનું
પર્સન્ટાઈલને પર્સન્ટેજથી થાય અમારું મૂલ્યાંકન
માણસ છીએ કે મશીન અમે,કોણ નકકી કરવાનું ?

**(કવિ પ્રકાશ પરમાર)**

# મહાત્માના મહાત્મા એવા 'યુગપુરુષ'નો પરિચય



મહાદેવ્યાઃ કુક્ષિરત્નં, શબ્દ જીતવરાત્મજમ્ ।
રાજચંદ્રમહ વંદે ત્વલાચનદાયકમ્ ॥

ગઈ ૧ માર્ચે 'મહાત્માના મહાત્મા' - 'યુગપુરુષ' નાટક જોવાનો પ્રસંગ સાંપડ્યો... શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજીના કેન્દ્ર સ્થાનમાં રાખીને આ નાટક છે...અને મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં આ નાટકનો ૨૦૦મો શો યોજાઈ ગયો.




શ્રીમદ્ રાજચંદ્રને ગાંધીજીએ ગુરુસ્થાન આપ્યું હતું... શ્રીમદ્ રાજચંદ્ર વિશે અત્યાર સુધી ઉપલક જાણકારી હતી પરંતુ આ નાટકને કારણે આ મહાન વિભૂતિને જાણવાનો વિશદ સમજનો ઉપલક્ષ પ્રાપ્ત થયો...

પૂર્વાશ્રમનું નામ રાયચંદભાઈ જે પાછળથી શ્રીમદ્ રાજચંદ્ર તરીકે પ્રસિદ્ધ થયા...

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી જેમને ગુરુસ્થાને માનતા હોય તે વ્યક્તિને બીજી વિશેષતાની જરૂર જ કયા રહે!

નાટકનો ઉઘાડ જ ગાંધીજી તેમના કવિ (શ્રીમદ્ રાજચંદ્ર) નાં સંસ્મરણ વાગોળતા હોય છે, ત્યાંથી થાય છે.... અદ્ભૂત સેટ ઉત્તમ લાઈટ્સ ઈફેક્ટ, સચીન-જીગરનું બેસ્ટ મ્યુઝિક અને ઉત્તમ ગડાનું નિર્દેશન...

ઉત્તમ કલાકૃતિ ઉત્તમ નાટક બનવા માટેનું બધું જ સંયોજન 'યુગપુરુષ' માં મોજૂદ છે, વર્ષ ૨૦૧૬ના બેસ્ટ ડ્રામાનો, ઉત્તમ નિર્દેશનને તથા ઉત્તમ એક્ટર (યુવા ગાંધી) એમ ત્રણ એવોર્ડ આ નાટકને મળી ચૂક્યા છે.

ક્લિષ્ટ ભાષા અને મનોરંજન નહીં પરંતુ હૃદયરંજન કરાવતું... પ્રમાણમાં અઘરું નાટક હોવા છતાં આ નાટકને બહોળો પ્રતિસાદ સાંપડ્યો છે.

જિજ્ઞાસુઓ માટે આ ઉત્તમ નાટક છે, અત્યારના કોમેડી અને સસ્પેન્સ નાટકોના સમયમાં માત્ર ૧૯૦ દિવસના ગાળામાં નાટકના ૨૦૦ પ્રયોગ પૂર્ણ થઈ જવા, એ કોઈ નાનીસૂની વાત નથી...

યુવક અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા ૧ માર્ચે ૨૦૦માં પ્રયોગને ગાંધીનગરમાં નિહાળતી વેળા કંઈક વિશેષ પ્રાપ્ત કરીને પાછા આવવાનો અનુભવ થયો...

૧૮૯૧માં જુલાઈ માસમાં ગાંધીજી જયારે વિલાયતથી પાછા આવ્યા ત્યારે 'આસામ' સ્ટીમર મુંબઈ ઉતારે છે, તે સમયે ગાંધીજીને તેમની માતા 'પૂતળીબાઈ' ના મૃત્યુના સમાચાર મળ્યા... જેઓ વાસ્તવમાં છ મહિના પહેલા જ ગુજરી ગયા હતા. પરંતુ મોહનના (ગાંધીજીના) અભ્યાસમાં ખલેલ ન પહોંચે તે માટે થઈને જ તેમને આ દુઃખદ સમાચારની જાણ ન કરી...

માટે જયારે મુંબઈ ઉતર્યા પછી ગાંધીજીને આ દુઃખદ સમાચાર મળે છે ત્યારે તેઓ વિક્ષુબ્ધ બની જાય છે... આગબોટ મોડી પહોંચી છે અને રાત પડી ગઈ હોવાથી તેમનો ઉતારો રંગૂનના પ્રખ્યાત ઝવેરી પ્રાણજીવન મહેતા ઘરે હતો...

રાયચંદભાઈ (કવિ/શ્રીમદ્) પ્રાણજીવનભાઈનો વડીલબંધુના જમાઈ થાય... વિધિના લેખ કંઈક અલગ જ સંકેત કરી રહ્યા હતા... ગાંધીજી અને રાયચંદભાઈનો પ્રથમ ભેટો પ્રાણજીવનભાઈના ઘરે જ થયો...

વિલાયતથી આવેલા મોહનમાં કાંઈક ઊંછાછળાપણું અથવા જ્ઞાનનું પરોક્ષ અભિમાન પ્રગટ્યું હતું... તેવા સમયે કોઈએ કહ્યું કે,... ગાંધીજી જેટલા પણ શબ્દો બોલશે... જે પણ ભાષાના શબ્દો હોય રાયચંદભાઈ તે જ ક્રમમાં બોલી બતાવશે....

ગાંધીજીએ જુદી જુદી ભાષાના શબ્દો લખી કાઢ્યા... અને પછી ગાંધીજી એ શબ્દો વાંચી ગયા... અલબત્ત જોઈને જ બોલ્યા...

રાયચંદભાઈ હળવેકથી એક પછીએક બધા શબ્દો ક્રમમાં બોલી બતાવ્યા...

ગાંધીજી કહે છે તે પ્રમાણે 'વિલાયતનો પવન હળવો પાડવા સારું આ અનુભવ સરસ થયો ગણાય.'

કવિને (રાયચંદભાઈને) અંગ્રેજીનું જરા પણ જ્ઞાન ન હતું... આ પ્રસંગ બન્યો ત્યારે તેમની ઉંમર પચીસથી ઉપરની ન હતી... ગુજરાતી શાળામાં પણ થોડો જ અભ્યાસ કરેલો... છતાં આટલી સ્મરણશક્તિ આટલું જ્ઞાન જોઈને ગાંધીજી તેમના પ્રત્યે મોહાયા... આકર્ષાયા...

સ્મરણશક્તિ નિશાળમાં નથી વેચાતી, જ્ઞાન પણ નિશાળની બહાર જો ઈચ્છા થાય - જિજ્ઞાસા હોય - તો મળે... અને માન પામવા માટે વિલાયત જવાની જરૂર નથી - તેવો અભિપ્રાય ગાંધીજીને શ્રીમદ્ રાયચંદ્રને પહેલીવાર મળીને જ બંધાઈ ગયો...

નેમચંદ એમ. ગાલા કહે છે કે તેમ - 'શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીનું મિલન એ ૧૯મી સદીની સૌથી મહાન આધ્યાત્મિક ઘટના કહી શકાય જેના પરિણામ દેશ અને દુનિયાને દૂરગામી અને કલ્યાણકારી નીવડ્યાં...'

'ગાંધીજીની તીવ્ર ધર્મજિજ્ઞાસા આફ્રિકામાં એવી પ્રબળ હતી કે શ્રીમદ્નું આધ્યાત્મિક માર્ગદર્શન ન હોત તો ગાંધીજી આફ્રિકાથી આ તો માઈકલ અથવા મોહમદ થઈને પાછા આવત... પણ મોહનદાસ તો ન જ રહેત!'

નેમચંદ ગાલાના શબ્દો અક્ષરસઃ સત્ય છે... આગામી સપ્તાહે ફરી આપણે મહાત્મા અને તેમના મહાત્માની મુલાકાતોના અંશ માણીશું... શ્રીમદ્ રાજચંદ્રની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે પુષ્પપાંખડી અર્પણ કરવાના યત્ન સાથે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# મહાન બનવાની લાલચમાં માણસે માણસ બનવાનું ભૂલવું ન જોઈએ




'માની લો કે તમારા બા જઈ રહ્યા છે અને એકલા જઈ રહ્યા છે તો તમે એમને જે સીટ આપો તે આપજો મારા ભાઈ.'

જયોતિબહેનના દીકરાએ ખાનગી બસ સંચાલકના ડેપો પર, ફોનથી બુકીંગ કરાવતી વખતે કહ્યું. સામેથી પેલા ભાઈએ પણ વિવેકપૂર્વક જવાબ આપ્યો કે 'મા કોઈની પણ હોય, એમાં હોય છે, એટલે એમ વડિલોને અનુકૂળ હોય એવી જગ્યા જ ફાળવીએ છીએ... ચિંતા ન કરતા...'

સૌરાષ્ટ્રમાંથી અનેક પરિવારો અમદાવાદ નોકરી-ધંધા અર્થે આવીને વસ્યા છે એમાંનો એક પરિવાર જયોતિબહેનના દીકરાનો પણ હતો. મૂળ વતન ભાવનગર... પાંચેક દાયકા કરતા વધુ સમય જયોતિબહેન ભાવનગરમાં જ રહ્યા - શાળામાં શિક્ષિકા તરીકે એમણે ૩૦ વર્ષો વીતાવ્યા... વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપવાનો અને તેમનામાં સંસ્કાર સિંચનનો યોગ્ય પ્રયાસ કર્યો. ખાનગી શાળાની નોકરી એટલે પગાર સાવ ટૂંકા... પરંતુ એ સમયે એમના પતિને સાથ આપવા અને પોતે નોકરી કરે તો બે પૈસા ઘરમાં બચત થાય એ ભાવથી સતત નોકરી કરતા રહ્યા. વિદ્યાર્થીઓ અને સાથી કર્મચારીઓમાં આદર-પ્રેમ અને લાગણી પામ્યા. ઘરની જવાબદારીની સાથે સાથે નોકરીને પણ પૂરેપૂરો ન્યાય આપ્યો.

અમદાવાદ છેલ્લા થોડા વરસોથી એમના દીકરાના પરિવાર સાથે રહેતા થયા હતા. સ્વાભાવિક છે કે દાયકાઓ જે શહેરમાં વીત્યા - જયાં સગા-સ્નેહી-સંબંધીઓ હોય ત્યાં રહ્યા પછી એ ઘરની - ગામની માયા હોય, છતાં નવા શહેરમાં - નવા વાતાવરણમાં એ બરાબર સેટ થઈ ગયા હતા. સોસાયટીમાં જ અંબાજી માતાનું અત્યંત સુંદર મંદિર હતું અને બાજુની સોસાયટીમાં એવું જ ત્રિલોકેશ્વર મહાદેવનું મંદિર હતું એટલે સવાર-સાંજ બે-ત્રણ કલાક નિયમિત રૂપે એમની ઉંમરના બહેનોના સંગાથમાં - સત્સંગ પુરો થઈ જતો હતો. એમના જેવા જ સ્વભાવના એક બહેન સાથે એમને વિશેષ અનુકૂળ આવતું એટલે પ્રભા માસી સાદ પાડે તો પૌત્રીઓ કહેતી, 'જયોતિ બા, તમને તમારા બહેનપણી બોલાવે છે.' આમ અહીંના વાતાવરણમાં છેલ્લા એક દાયકાથી તેઓ બરાબર ગોઠવાઈ ગયા હતા. તેમના મોબાઈલ ફોનથી સગા-સ્નેહીઓ સાથેના સંપકો એમને જીવંત રાખ્યા હતા.

અમદાવાદ રહ્યા રહ્યા બે-ત્રણ મહિને ઘરની યાદ આવે ત્યારે તેઓ ભાવનગર પરિવાર સાથે અથવા એકલા જઈ આવતા. ૮-૧૦ દિવસ રહે - જાતે રસોઈ કરે ને ફરી પાછા આવી જાય... 'ઉનાળો શરૂ થાય એ પહેલા એક અઠવાડિયું જઈ આવું.' એમ કહ્યું એટલે દીકરાએ ટ્રાવેલ્સની ઑફિસમાં ટીકીટ બુક કરાવી ત્યારે લેખના આરંભે લખેલો સંવાદ થયો હતો.

જયોત્સનાબહેન ભાવનગર સુખરૂપ પહોંચી ગયા. બસના ક્લિનરે થોડો - ઘણો સામાન પણ ઉતારી આપ્યો... ઘરે પહોંચી ગયા. બેન્કના કામો પુરા કર્યા... પોતાના ભાઈ-ભાભીને મળ્યા... આનંદ કર્યો. હવે પરત જવા માટે એક અઠવાડિયા પછી બુકીંગ કરાતું બસનું... ત્યારે પણ બધુ બરાબર ગોઠવાયું ને પ્રશ્ન થયો કે ઘરેથી જવા માટે રીક્ષા બોલાવવાનો પ્રશ્ન આવ્યો તો પડોશી ધાત્રીબહેને એક રીક્ષાવાળાની ગોઠવણ કરી આપી. એ વ્યક્તિ નામે ખાન ચાચા સમયસર આવી ગયા ને એમણે કહ્યું, 'બા તમે જયારે પણ આવો ત્યારે તમારે ફોન કરી દેવો, જયારે ચિંતા કરતા નહિ... અમારા વ્યવસાયમાં અમે વડિલોનું જ નહિ બધા માણસોનું પુરું ધ્યાન રાખીએ છીએ...' આમ એક સાલસ વ્યક્તિત્વનો ઉમદા પરિચય થયો. સરવાળે હકારાત્મક પડે છે એ વાતની અનુભૂતિ થઈ.



વાત સાવ નાની છે, કદાચ તમારી આસપાસ પણ બનતી જ હશે. મહત્ત્વનું છે એમાં સમાયેલી સંવેદનાને પારખવાનું ને જીવવાનું આપણે પેટ્રોલ પંપ પર, બસ સ્ટેન્ડ પર, રેલવે સ્ટેશને કે અન્ય સ્થળે, કેટલીયે જગ્યાએ એવી ઘટનાઓમાંથી પસાર થઈએ છીએ જયાં સામેનો માણસ પ્રમાણમાં નાનો - અદનો કર્મચારી હોય અને એના પર વિશ્વાસ મુકીએ તો એ પોતાની લાગણી શ્રેષ્ઠ રીતે વ્યકત કરીને સામેની માણસની સુવિધા પણ સાચવતો હોય છે. સવાલ હોય છે માણસમાં રહેલી સારપને ઓળખવાની અને તેનામાં વિશ્વાસ મુકવાની. આવો વિશ્વાસ મુકીએ ત્યારે સામેથી એનો પોઝીટીવ ઉકેલ આવતો જ હોય છે.

સમાજમાં માણસ માણસને માણસ રૂપે જુએ અને તેની સાથે યોગ્ય વ્યવહાર કરે એ પ્રાથમિક જરૂરિયાત છે. આવી રીતે જયારે - જયાં વાણી - વર્તન - વ્યવહારમાં વિવેક-સભ્યતા અને લાગણી સચવાય છે ત્યારે માનવતાના દીવડા પ્રગટે છે અને અજવાળા રેલાય છે.

●●●

મહાન બનવાની
લાલચમાં માણસે
માણસ બનવાનું
ભૂલવું ન જોઈએ.